**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૯ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૩ ટકા

# પેથાપુરના જમીનદોસ્ત આરોગ્ય કેન્દ્રનું નવનિર્માણ અદ્ધરતાલ

**ચૂંટણી પહેલા સત્તાધીશોએ ખાતમુહૂર્ત કર્યુ હતુ જે નવીનીકરણની કામગીરી ખોરંભે, કરોડોની ગ્રાન્ટ ફળવાયેલ છે છતાં પંથક આરોગ્ય સેવાથી વંચિત**





ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરમાં સમાવેશ થયેલ પેથાપુરના ૧૦૦ વર્ષ જુના આરોગ્ય કેન્દ્રને જમીનદોસ્ત કરી વિધાનસભા ચૂંટણી પહેલા તેનું સત્તાધીશોએ નવનિર્માણ હેતુ ખાતમુહૂર્ત કર્યુ હતુ ત્યારબાદ આ આરોગ્ય કેન્દ્રના નવીનીકરણની કામગીરી આજદિન સુધી શરૂ ન કરવામાં આવતા પંથકમાં હજારો લોકો સ્થાનિકમાં આરોગ્ય સેવાથી વંચિત બન્યા છે અને નેતાગણ દ્વારા ચૂંટણી સમયે અપાતા વચનોનું અમલીકરણ ન થતાં આક્રોશ ફેલાયો છે. સ્ટેટ સમયના પેથાપુરના સરકારી દવાખાનાનું બિલ્ડીંગ જર્જરીત થઈ જતાં સ્થાનિક વિવિધ સમાજોએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહને રજૂઆત કરી આરોગ્ય કેન્દ્રના નવીનીકરણની માંગ કરી હતી. જે મુજબ વિધાનસભાની ચૂંટણી પહેલા સત્તાધીશોએ જર્જરીત આરોગ્ય કેન્દ્રને જમીનદોસ્ત કરાવી નવનિર્માણ માટે ખાતમુહૂર્ત કર્યુ હતુ અને સ્વર્ણિમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત કરોડોના વિકાસકામોને સૈદ્ધાંતિક મંજૂરી મળી હતી. જેમાં પેથાપુરમાં અદ્યતન આરોગ્ય કેન્દ્ર બનાવવાનો સમાવેશ થતો હતો. કોર્પોરેશનના નવા વિસ્તારમાં લોકોને આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે જે તે સમયે પેથાપુર આરોગ્ય કેન્દ્રના નવીનીકરણ માટે જુના મકાનને જમીનદોસ્ત કરી દેવાયું હતું. જેને ઘણો સમય વિતી જવા છતાં આજદિન સુધી અહીં કોઈજ કામગીરી હાથ ન ધરાતાં લોકોમાં કુતુહલ પેદા થયું છે. હાલ જુના બિલ્ડીંગના એક ભાગમાં અત્યંત જટીલ સ્થિતિમાં આરોગ્ય સેવા મળી રહે તેવા પ્રયાસો થાય છે પરંતુ સગવડોના અભાવે સ્થાનિક લોકો સરકારી આરોગ્ય સેવાથી વંચિત બની ના છૂટકે ખાનગી દવાખાને જવા મજબૂર બન્યા છે.

મહાનગરમાં સમાવેશ થયા પછી પેથાપુર પંથકના હજારો લોકો આરોગ્ય સેવાથી વિમુખ થયા છે. વિધાનસભા ચૂંટણી સમયે સત્તાધીશોએ જે ઝડપ ખાતમુહૂર્તમાં બતાવી હતી જે ખાતમુહૂર્ત પછી સુષુપ્ત અવસ્થા છે તે કદાચ લોકસભા ચૂંટણી સમયે જ જાગૃત થશે તેવી લોક ચર્ચાઓ પણ થઈ રહી છે. જર્જરિત પેથાપુર અર્બન હેલ્થ સેન્ટરના નવનિર્માણ સંદર્ભે તંત્ર દ્વારા જે ઉદાસીનતા લોકોને નજરે પડી રહી છે તેવી જ ઉદાશીનતા કદાચ સ્થાનિક લોકો ચૂંટણી સમયે પણ દાખવશે તેવું સ્થાનિક અગ્રણીઓ ભારે હૈયે જણાવી રહ્યા છે.

## વીર મહારાણા પ્રતાપની જન્મજયંતી નિમિત્તે શહેર ભાજપ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરાઈ



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તા. ૯ મે, મંગળવારે શૌર્ય, પરાક્રમ અને ત્યાગના પ્રતીક, માતૃભૂમિની રક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરનાર વીર મહારાણા પ્રતાપજીની જન્મજયંતી નિમિતે શહેર ભાજપ દ્વારા પેથાપુર ખાતે તેમની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ અવસરે શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સહ પ્રવક્તા હિતેન્દ્રભાઈ પટેલ, સંગઠનના પદાધિકારીઓ, કાઉન્સીલરો તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી મહારાણા પ્રતાપની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## આજથી ભાજપ દ્વારા વોર્ડ-૫ ખાતે સેકટર-૨૨ અને ૨૩માં ડોર ટુ ડોર સંપર્ક

**"રમશે બાળક, ખીલશે બાળક" ગાંધીનગર લોકસભાના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહની પ્રેરણાથી સ્થાનિક રહીશોના ઘરે જઈ રમકડાં એકત્રીકરણ કરી આંગણવાડીના અને જરૂરિયાતમંદ પરિવારના બાળકોમાં રમકડાંનું વિતરણ કરવાના અભિયાનની શરૂઆત**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર લોકસભાના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર લોકસભા ક્ષેત્રના તમામ સાત વિધાનસભા ક્ષેત્રોમાં 'રમશે બાળક, ખીલશે બાળક'ના ઉમદા હેતુ સાથે વિવિધ રહેણાંક વિસ્તારમાં ડોર ટુ ડોર સંપર્ક કરી રહીશો પાસેથી તેમના બાળકોના વપરાશમાં ન હોય તેવા રમકડાં એકત્રીકરણ કરી આંગણવાડીના બાળકો અને જરૂરિયાતમંદ પરિવારના બાળકોમાં રમકડાંનું વિતરણ કરવાના અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. 'રમશે બાળક, ખીલશે બાળક અંતર્ગત ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં તા.૧૦ મે, બુધવારના રોજ ગાંધીનગર મહાનગરના વોર્ડ ૫ ખાતેથી ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ



અને શહેર ભાજપ સંગઠન દ્વારા આનંદવાટીકા સોસાયટી, સેકટર ૨૨ તેમજ વિરાટનગર સોસાયટી, સેકટર ૨૩ ખાતે સ્થાનિક રહીશોના ઘરની મુલાકાત લઈ આંગણવાડી અને જરૂરિયાતમંદ બાળકોના સ્મિતના સહભાગી બનવા રમકડાં એકત્રીકરણની કામગીરી કરવામાં આવી હતી જેમાં નાગરિકોએ હોંશે હોંશે અન્ય બાળકની ખુશીમાં સહભાગી થવા રમકડાં આપ્યા હતાં. શહેર ભાજપ મહામંત્રી કનુભાઈ દેસાઈ, ઉપાધ્યક્ષ નિલેશભાઈ પટેલ, વોર્ડ પ્રમુખ ધવલભાઈ શાહ, હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ક્રમશઃ ઉત્તર વિધાનસભા મતક્ષેત્ર અને ગાંધીનગર મહાનગરના વિવિધ વિસ્તારમાં રમકડાં એકત્રીકરણની કામગીરી હાથ ધરાશે.

## જન્મદિને વધામણી


સ્નેહલ એ. શાહ
મો. ૯૯૦૯૦ ૨૫૨૫૮


ક્રિષ્ણાકુમારી ગિરીશ આર્ય
મો. ૯૯૦૪૫૦૧૭૫૫


કાનલ ઉપાધ્યાય
મો. ૯૯૯૮૯ ૯૯૯૩૨


પ્રજાપતિ આશિષભાઈ એ
રેડક્રોસ, ગાંધીનગર


જાની રૂપલબેન એ
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

## ૨૫ મી ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપ




ગાંધીનગર, તા.૧૦

૨૫ મી ઓલ ઈન્ડિયા વાડો કાઈ કરાટે ચેમ્પિયનશિપ તાજેતરમાં વડોદરા સ્થિત સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં ગુજરાત ઉપરાંત અન્ય ૧૫ રાજ્યોમાંથી ચુનંદા ૩૫૦ જેટલા કરાટેવીરોએ ફાઈટમાં તથા ૩૩૫ જેટલા ખેલાડીઓએ કાતા ઈવેન્ટમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વાડો કાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા ની ગાંધીનગર શાખાના ખેલાડીઓએ પણ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. ગાંધીનગરના કોચ રેન્સી ગૌરાંગભાઈ રાણા, સેન્સાઈ યોગેશ વિશ્વકર્મા, સેન્સાઈ દર્શન સુથાર, સેન્સાઈ કેતન ચૌધરી, સેમ્પાઈ હર્ષિલ ઢીંગરા અને સેમ્પાઈ નિકુલ રાઠોડ તથા સેમ્પાઈ પ્રણવ વ્યાસ ના માર્ગદર્શનમાં તૈયાર થયેલ ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ફાઈટ ઈવેન્ટમાં ૬ ગોલ્ડ અને ૧૧ સિલ્વર મેડલ મેળવ્યા હતા, જ્યારે ૧૭ ખેલાડીઓ સેમિફાઈનલ સુધી પહોંચવામાં સફળ રહ્યા હતા. કાતા ઈવેન્ટમાં ૨ ખેલાડીઓએ ગોલ્ડ તથા ૯ ખેલાડીઓએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. જ્યારે ૩ ખેલાડીઓ સેમિફાઈનલ સુધી પહોંચવામાં સફળ રહ્યા હતા. તમામ વિજેતા ખેલાડીઓને તથા તેમના કોચને અરવિંદભાઈ રાણાએ અભિનંદન પાઠવ્યા હતા.



કડી સર્વ વિદ્યાલયના એસ.જી. અંગ્રેજી માધ્યમમાં ધોરણ-૨માં ક્રિશ્નાકુમારી ગિરીશ આર્ય સમગ્ર માર્ર્સ કલાસમાં પ્રથમ આવતા શાળા પરિવાર દ્વારા ગોલ્ડ મેડલ સન્માન પત્ર આપી મુખ્ય શિક્ષક વસંતસિંહ પરમાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## ઈન્દુમતિબેન નિમાવતના સ્મરણાર્થે નિ:શુલ્ક મેડીકલ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ચંદ્રમૌલેશ્વર, સેક્ટર ૬-બી ખાતે ગાંધીનગરના સર્વ પ્રથમ રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત શિક્ષિકા સ્વ ઈન્દુમતી નિમાવતની તૃતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિતે ગાંધીનગરની હિન્દી વેબ ન્યુઝ ચેનલ તસવીરે ગાંધીનગર તેમજ ઈન્ડીયન રેડ ક્રોસ ગાંધીનગર શાખા, રોટરી ક્લબ ઓફ કેપિટલ ગાંધીનગર અને જલારામ હોસ્પિટલના સહયોગથી તારીખ ૧૪ રવિવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૨ દરમ્યાન નિશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં બાળ રોગ નિષ્ણાત ડૉ સતીષ પરમાર, ઓર્થોપેડિક ડો હાર્દિકસિંહ વાઘેલા (જલારામ હોસ્પિટલ), દાંતના ડોકટર ડૉ કુશાન ઝીંઝુવાડિયા, ફિઝિયો થેરાપિસ્ટ ડૉ શિવાંની ઝીંઝુવાડિયા, સ્પીચ અને ઓડિયોલોજી માલવિકા પરમાર, ફિઝીયો થેરાપિસ્ટ ડૉ હાર્દિક તલાટી સેવાઓ આપશે તેમજ આયુર્વેદિક સર્વરોગ નિદાન અને બોડી ચેકઅપ પણ કરી આપવામાં આવશે સાથે ડાયાબિટીસ અને બીપી ચેક કરી આપવામાં આવશે.

## " ગ્રીન અને ક્લીન ગાંધીનગર " અંતર્ગત ચિત્ર સ્પર્ધામાં બમ્પર ઈનામો અને લકી ડ્રો કરાશે

ગાંધીનગર, તા.૧૦

આગામી ૨૧મી મે, રવિવારના રોજ બપોરે ૩:૦૦ કલાકે સેક્ટર-૨૪ ખાતે મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત, યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સહયોગથી અને કેશર ફાઉન્ડેશન પ્રેરિત "ગ્રીન અને ક્લીન ગાંધીનગર" અંતર્ગત "સ્વચ્છતા " વિષય પર ડ્રોઈંગ કોમ્પિટિશન ૨૦૨૩ નું આયોજન કરવામાં આવેલ છે. સ્પર્ધામાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. સ્પર્ધાનો વિષય "સ્વચ્છતા" રહેશે. આ સ્પર્ધામાં ૫ વર્ષથી ૨૦ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકશે. ભાગ લેનાર દરેક સહભાગી વિદ્યાર્થીઓને આયોજક દ્વારા પ્રમાણપત્ર અને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે તથા અનેક બમ્પર ઈનામો અને લકી ડ્રો કરવામાં આવશે. તો મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી ભાગ લેવા માટે ઈચ્છુક બાળકોએ પોતાનું નામ ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭ પર ફોર્મ ભરીને રજિસ્ટ્રેશન કરાવી લેવું તેમ જણાવવામાં આવેલ છે.

## અભિનંદન



ગાંધીનગર, તા. ૧૦

શહેરના વરિષ્ઠ નાગરિક રમેશચંદ્ર તલાટી અને તેમના પત્નિ દેવીલાબેન તલાટીએ તેમના લગ્નની ૫૦મી વર્ષગાંઠ પ્રકૃતિના ખોળે ઉજવી હતી. વર્તમાન જીવનમાં દાંપત્યજીવનના ૫૦ વર્ષ પ્રેરક બની રહેશે. આ પ્રસંગે પરિવારજનો અને શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

## કુટીર ઉદ્યોગ સ્ટાફ એસોસીએશનના નવા હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૦

કુટીર ઉદ્યોગ સ્ટાફ એસોસીએશન (રાજ્યકક્ષા)ની સામાન્ય સભા તા. ૩૦-૪-૨૦૨૩ (રવિવાર)ના રોજ શ્રી વિશ્વકર્મા પ્રભુ મંદિર સંકુલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં આગામી ત્રણ વર્ષ માટે એસોસીએશનના નવા હોદ્દેદારોની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ જી.એલ. પટેલ, મહામંત્રી તરૂણ એ. પરમાર, સલાહકાર અધ્યક્ષ આર.પી. સુતરીયા, ઉપપ્રમુખ વિનોદ બી. જારીયા, ઉપપ્રમુખ કાર્તિક પંચાલ, સંગઠન મંત્રી એસ.આર. પટેલ, સહમંત્રી રવિરાજસિંહ ડી. ઝાલા, સહમંત્રી કુ. આકાંશા જી. પટેલ, ખજાનચી પી.એન. વાઘેલા, ઓડીટર બી.જી. વસાવાની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી.

## નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા નિ:શુલ્ક 'સ્વાસ્થ્ય સુધા' વ્યાખ્યાનમાળાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા તા. ૧૩ મે ના રોજ નિ:શુલ્ક 'સ્વાસ્થ્ય સુધા' વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. જે બ્રહ્માણીકૃપા હોલ, કડી સર્વ વિદ્યાલય કેમ્પસ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ત્રણ વક્તા દ્વારા વિવિધ વિષય પર વ્યાખ્યાન આપવામાં આવશે. જેમાં ડૉ. વિષ્ણુભાઈ વૈષ્ણવ (પીએચડી) દ્વારા નૈસર્ગિક જીવનનું રહસ્ય અને કર્મનો સિદ્ધાંત પર વ્યાખ્યાન, ડૉ. દિનેશકુમાર શર્મા દ્વારા હોમિયોપેથી અને આપણુ સ્વાસ્થ્ય વિષય પર વ્યાખ્યાન, વર્ષાબેન દવે દ્વારા નેચરોપેથી પ્રેક્ટીકલ ડેમોસ્ટ્રેશન વિષય પર વ્યાખ્યાન આપવામાં આવશે.

આ કાર્યક્રમ બપોરે ૩.૩૦ થી ૫.૩૦ કલાકે યોજાશે. ગાંધીનગરની જનતાને આ નિ:શુલ્ક માર્ગદર્શનનો લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવ્યું હતુ.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧